**ટેલિગ્રામ પ્રતિબંધ પર દિલ્હી હાઇકોર્ટનો સવાલ**

# ‘થોડા લોકો માટે ૧૫ કરોડ યુઝર્સના અધિકારો કેમ છીનવાય?’

**નીટ-યુજી** પરીક્ષા સંદર્ભમાં સરકારે આપેલા આદેશને ટેલિગ્રામ કંપનીએ દિલ્હી હાઇકોર્ટમાં પડકાર્યો

**હાઇકોર્ટે** અરજી પર સુનાવણી કરી: ચુકાદો અનામત રાખ્યો




નવી દિલ્હી, ૧૮ જૂન(પીટીઆઈ): દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે ૨૧ જૂને યોજાનારી NEET-UG 2026ની ફેર પરીક્ષા પહેલાં ટેલિગ્રામ પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂકવાના કેન્દ્ર સરકારના નિર્ણય સામે સવાલ ઉઠાવ્યા હતા. કોર્ટે કહ્યું કે, માત્ર થોડા લોકો જ પરીક્ષા આપી રહ્યા છે તેના કારણે આ મેસેજિંગ એપના ૧૫ કરોડ વપરાશકર્તાઓના અધિકારો પર કેવી રીતે કાપ મૂકી શકાય.

વેકેશન બેંચના જસ્ટિસ તેજસ કારિયા દ્વારા આ અવલોકનો કરવામાં આવ્યા હતા. નીટ-યુજી રીટેસ્ટ પહેલા એપનો દુરુપયોગ થઈ શકે છે તેવા આધાર પર લાદવામાં આવેલા અસ્થાયી પ્રતિબંધ વિરુદ્ધ ટેલિગ્રામની અરજી પર કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. પેપર લીકના આક્ષેપો વચ્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સી(NTA) એ મેડિકલ પ્રવેશ માટે ૩ મેના રોજ લેવાયેલી નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (અંડરગ્રેજ્યુએટ) એટલે કે NEET-UG પરીક્ષા ૧૨ મેના રોજ રદ કરી દીધી હતી. હાલમાં આ મામલાની તપાસ સીબીઆઈ કરી રહી છે.

### એક ટેલિગ્રામ એકાઉન્ટ યુઝર ૪૦ બોટ્સ બનાવી શકે છે: સરકારની દલીલ

સોલિસિટર જનરલે મેસેજિંગ એપના ટેકનિકલ પાસાઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે એક સિંગલ ટેલિગ્રામ એકાઉન્ટ યુઝર ૪૦ જેટલા બોટ્સ બનાવી શકે છે. તેમણે કહ્યું, હું માત્ર એક ઉદાહરણ આપીશ. ટેલિગ્રામમાં એક એકાઉન્ટ યુઝર ૪૦ બોટ્સ બનાવી શકે છે. જ્યારે વોટ્સએપના કિસ્સામાં, યુઝર દીઠ એક જ બોટ બની શકે છે. તેમની પાસે એવી સિસ્ટમ છે જે બહુલતાને પ્રોત્સાહન આપે છે અને ત્યારબાદ આ બોટ્સ વધુ ગુણાકાર પામીને હજી વધી શકે છે.

**નૈઋત્યનું ચોમાસુ દક્ષિણ મહારાષ્ટ્ર પાસે અટકી પડ્યું છે**

# દેશભરમાં આ ઋતુમાં અત્યાર સુધી વરસાદની ૪૧ ટકા ઘટ

**મધ્ય** ભારતમાં તો ૬૭ ટકા જેટલો ઓછો વરસાદ

**ચોમાસાને** આગળ વધવામાં મદદરૂપ પરિબળોનો અભાવ, અલ-નીનોની મોટી અસર જણાય છે

નવી દિલ્હી, તા. ૧૮(PTI): દક્ષિણ-પશ્ચિમ (નૈઋત્ય)નું ચોમાસું દક્ષિણ મહારાષ્ટ્ર પર અટકી જવાને કારણે, ભારતીય હવામાન વિભાગ (IMD)ના તાજેતરના ડેટા અનુસાર, ૪ જૂનથી ૧૮ જૂન વચ્ચે ભારતમાં દેશવ્યાપી વરસાદમાં ૪૧ ટકાની ઘટ નોંધાઈ છે. દેશમાં ઉપરોક્ત સમયગાળા દરમિયાન સામાન્ય ૭૨.૨ મીમીની સરખામણીએ માત્ર ૪૨.૬ મીમી વરસાદ પડ્યો છે. IMDના પ્રદેશવાર વરસાદની ઘટ દર્શાવતા નકશા અનુસાર, મધ્ય ભારત, પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારત, દક્ષિણ દ્વીપકલ્પ અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં વરસાદની ઘટ અનુક્રમે ૬૭ ટકા, ૪૨ ટકા, ૨૨ ટકા અને ૬ ટકા રહી છે.

હવામાન વિભાગે ગુરુવારે જણાવ્યું હતું કે મોટા પાયા પર સાનુકૂળ હવામાન પરિસ્થિતિઓનો અભાવ એ મુખ્ય કારણ હતું જેના લીધે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું છેલ્લા કેટલાક દિવસોમાં મહારાષ્ટ્રના બાકીના ભાગોમાં આગળ વધવામાં નિષ્ફળ રહ્યું છે. ચોમાસાની ઉત્તર તરફની પ્રગતિ ધીમી પડવા પાછળ મુખ્ય પાંચ પરિબળો જવાબદાર છે. પ્રથમ પરિબળ એ છે કે, IMD અનુસાર, હાલના ચોમાસાના પ્રવાહમાં અરબી સમુદ્ર તરફથી મજબૂત વેગનો અભાવ છે. હવામાન વિભાગે જણાવ્યું કે, આવા વેગ સામાન્ય રીતે ભેજ વધારવા અને વ્યાપક વરસાદ લાવવા માટે જવાબદાર હોય છે, જે ચોમાસાને આગળ વધારવામાં મદદ કરે છે.

બીજું પરિબળ, ચોમાસાના પરિભ્રમણ સાથે સંકળાયેલા નીચલા સ્તરના દક્ષિણ-પશ્ચિમી પવનો અરબી સમુદ્ર પર નબળા પડ્યા છે. આના કારણે મહારાષ્ટ્રના દરિયાકાંઠા અને આંતરિક વિસ્તારો તરફ ભેજનું વહન ઘટી ગયું છે. ત્રીજું પરિબળ, પશ્ચિમ હિંદ મહાસાગર અને અરબી સમુદ્ર પરનો ક્રોસ-ઈક્વેટોરિયલ (વિષુવવૃત્ત ઓળંગતો) પ્રવાહ, જે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા માટે ભેજના સ્ત્રોત તરીકે કામ કરે છે, તે પ્રવાહ નબળો છે. ચોથું પરિબળ એ છે કે, ચોમાસાની હવામાન સિસ્ટમ જેવી કે અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં લો-પ્રેશર કે ચક્રવાતી પરિભ્રમણ, અથવા પશ્ચિમ કિનારે પૂરતી તીવ્રતાવાળી ઓફ-શોર ટ્રફ (મોટા વિસ્તાર સુધી વિસ્તરેલો લો-પ્રેશર પટ્ટો) જે ચોમાસાને આગળ વધારવામાં મદદ કરે છે, તે હાલમાં ગેરહાજર છે. છેલ્લું પરિબળ મેડન-જુલિયન ઓસિલેશન (MJO)નો નબળો તબક્કો છે, જે પવન, વાદળ અને દબાણની એક ગતિશીલ સિસ્ટમ છે જે વિષુવવૃત્તની આસપાસ ફરતી વખતે વરસાદ લાવે છે.

# સ્વિસ બેંકોમાં ભારતીયોના નાણાંમાં ૮%નો ઘટાડો

**કુલ** ભંડોળ રૂ. ૩૬,૭૯૩ કરોડે પહોંચ્યું

**વ્યક્તિગત** ગ્રાહકોના ખાતામાં ૫૦%નો મોટો ઉછાળો, સંસ્થાકીય ભંડોળ ઘટ્યું

નવી દિલ્હી/ઝ્યુરિચ, તા. ૧૮(પીટીઆઈ): સ્વિટ્ઝર્લેન્ડની સેન્ટ્રલ બેંક દ્વારા ગુરુવારે જાહેર કરવામાં આવેલા વાર્ષિક આંકડા દર્શાવે છે કે, સ્થાનિક શાખાઓ અને અન્ય નાણાકીય સંસ્થાઓ મારફતે રાખવામાં આવેલા ભંડોળમાં ઘટાડો થવાને કારણે ૨૦૨૫માં સ્વિસ બેંકોમાં જમા ભારતીય નાણાં ૮ ટકાથી વધુ ઘટીને ૩.૨૫ અબજ સ્વિસ ફ્રેંક (લગભગ રૂ. ૩૬,૭૯૩ કરોડ) થઈ ગયા છે.

જો કે, વ્યક્તિગત અને સંસ્થાકીય ગ્રાહકોના ખાતામાં રહેલા નાણાં વર્ષ દરમિયાન ૫૦ ટકાથી વધુના તીવ્ર ઉછાળા સાથે ૫૨૪ મિલિયન સ્વિસ ફ્રેંક (લગભગ રૂ. ૬,૦૦૦ કરોડ) થયા છે, જો કે તે કુલ ભંડોળના માત્ર ૧૬ ટકા જેટલા જ છે. કુલ ભંડોળનો મોટો હિસ્સો ‘બેંકોને ચૂકવવાપાત્ર રકમ’ અથવા અન્ય બેંકિંગ અને નાણાકીય સંસ્થાઓ દ્વારા રાખવામાં આવેલા ભંડોળના સ્વરૂપમાં હતો, જે વર્ષ દરમિયાન લગભગ ૧૫ ટકાના ઘટાડા છતાં ૨.૬ અબજ સ્વિસ ફ્રેંક હતો.

૨૦૨૫માં કુલ ભંડોળમાં આવેલો આ ઘટાડો ૨૦૨૪માં થયેલા ત્રણ ગણા તીવ્ર ઉછાળા બાદ આવ્યો છે, જ્યારે આ આંકડો ૩.૫ અબજ સીએચએફ (CHF) પર પહોંચ્યો હતો – જે ૨૦૨૧ પછીનો સૌથી વધુ હતો. આ બેંકો દ્વારા સ્વિસ નેશનલ બેંક (SNB)ને સબમિટ કરવામાં આવેલા સત્તાવાર આંકડા છે અને તે સ્વિટ્ઝર્લેન્ડમાં ભારતીયો દ્વારા રાખવામાં આવેલા કથિત કાળા નાણાંની માત્રા દર્શાવતા નથી.

### સ્વિસ બેંકમાં નાણાની બાબતમાં યુ.કે. ટોચ પર

સ્વિસ બેંકોમાં વિદેશી ગ્રાહકોના નાણાંની બાબતમાં યુકે (UK) ૧૯૨ અબજ સીએચએફ સાથે ચાર્ટમાં ટોચ પર છે, ત્યારબાદ બીજા સ્થાને અમેરિકા (૭૫ અબજ સીએચએફ) અને ત્રીજા સ્થાને ફ્રાન્સ (૬૩ અબજ સીએચએફ) છે. આ ત્રણ દેશો પછી ટોચના ૧૦ દેશોમાં વેસ્ટ ઈન્ડિઝ, જર્મની, હોંગકોંગ, સિંગાપોર, લક્ઝમબર્ગ, યુએઈ (UAE) અને નેધરલેન્ડનો સમાવેશ થાય છે. ભારત ૨૦૨૪ના અંતમાં ૪૮મા સ્થાનેથી આગળ વધીને ૪૬મા સ્થાને પહોંચ્યું છે. પાકિસ્તાનના નાણામાં પણ ઘટાડો જોવા મળ્યો હતો અને તે ૨૫૭ મિલિયન સીએચએફ (૨૭૨ મિલિયન સીએચએફથી ઘટીને) થયો હતો, જ્યારે બાંગ્લાદેશમાં ૪૩ ટકાનો તીવ્ર વધારો જોવા મળ્યો હતો અને તે ૮૪૨ મિલિયન સીએચએફ થયો હતો. ભારતની જેમ જ, સ્વિસ બેંકોમાં કથિત કાળા નાણાંનો મુદ્દો આ બે પડોશી દેશોમાં પણ રાજકીય રીતે ઘણો ગરમાયેલો મુદ્દો રહ્યો છે. બાંગ્લાદેશ ૮૧મા સ્થાને હતું, જ્યારે પાકિસ્તાન ૧૦૮મા સ્થાને હતું.

# મોદી ફ્રાન્સમાં અગ્રણી કંપનીઓના CEOને મળ્યા

**પીએમએ** રોકાણ અને ભારતમાં વિસ્તરણની યોજનાઓ પર ચર્ચા કરી

પેરિસ, તા. ૧૮ (પીટીઆઈ) વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે અહીં અગ્રણી બિઝનેસ એક્ઝિક્યુટિવ્સ (વ્યાપારી વડાઓ) સાથે મુલાકાત કરી હતી અને ભારતમાં રોકાણની તકો તેમ જ વિસ્તરણની યોજનાઓ પર કેન્દ્રિત ચર્ચાઓ કરી હતી. વડા પ્રધાનને મળેલા સીઈઓ સસ્ટેનેબલ કન્સ્ટ્રક્શન, મોબિલિટી અને એઆઈ સહિતના વિવિધ ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરતા હતા. મોદી હાલમાં ફ્રાન્સમાં છે, જ્યાં તેમણે છેલ્લા બે દિવસમાં જી7 સમિટમાં ભાગ લીધો હતો અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિતના કેટલાક વિશ્વ નેતાઓ સાથે વાતચીત કરી હતી.

# ઘોડાગાડી સવારી દરમિયાન અકસ્માત થતા ન્યૂયોર્કમાં ભારતીય કિશોરનું મોત

**ભારતીય** પરિવાર સેન્ટ્રલ પાર્કમાં ઘોડાગાડી સવારીનો આનંદ માણવા ગયો હતો

**સવારી** દરમિયાન ડ્રાઇવર ફોટો પાડવા નીચે ઉતર્યો અને ઘોડો ભડકીને ભાગવા લાગ્યો

**ગાડીમાંથી** ફેંકાઇ ગયેલી માતાને બચાવવા છોકરો નીચે કૂદ્યો અને કરૂણ મોતને ભેટ્યો





ન્યૂયોર્ક, ૧૮ જૂન (PTI): ન્યૂયોર્ક સિટીના પ્રખ્યાત સેન્ટ્રલ પાર્કમાં ઘોડો અચાનક ભડકીને દોડવા લાગ્યા બાદ ઘોડાગાડીમાંથી ફેંકાઈ ગયેલી પોતાની માતાને બચાવવાના પ્રયાસમાં એક ભારતીય કિશોરનું મોત નીપજ્યું હતું.

‘ધ ન્યૂયોર્ક ટાઈમ્સ’ના અહેવાલ મુજબ, ૧૮ વર્ષીય રોમાંચ મહાજન તેના પરિવાર સાથે પહેલીવાર ન્યૂયોર્કની મુલાકાતે આવ્યો હતો, ત્યારે બુધવારે આ ઘટના બની હતી. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે, ડ્રાઈવર પરિવારનો ફોટો લેવા માટે રોકાયો હતો અને તે જ ક્ષણે ઘોડો ભડક્યો હતો. તે ફૂટપાથ પર દોડી ગયો અને ઘાસ પર કૂદીને અત્યંત ઝડપે ભાગવા લાગ્યો હતો, જ્યારે ડ્રાઈવર તેની પાછળ દોડી રહ્યો હતો. રોમાંચના પિતા દીપક મહાજને જણાવ્યું કે, “અમે બૂમો પાડી રહ્યા હતા, ‘બચાવો, બચાવો!’ પરિવારે એકબીજાને મજબૂતાઈથી પકડી રાખ્યા હતા, પરંતુ જ્યારે દીપકની પત્ની પ્રિયા ગાડીમાંથી નીચે પડી ગઈ, ત્યારે રોમાંચે તેમને બચાવવા માટે નીચે કૂદકો માર્યો હતો. દીપકે કહ્યું, “મારો પુત્ર, તેની માતાને બચાવવા માટે જ નીચે પડ્યો. તે બૂમો પાડી રહ્યો હતો, ‘મમ્મી!’

‘ટેવર્ન ઓન ધ ગ્રીન’માં કામ કરતી તાતિયાના બ્રેસલરે ‘ધ ન્યૂયોર્ક પોસ્ટ’ને જણાવ્યું કે, ઘોડો ડરી ગયો હતો અને ખૂબ જ ઝડપથી દોડવા લાગ્યો હતો.” આ અકસ્માત જોઈને અને ચીસો સાંભળીને તરત જ ૯૧૧ (ઈમરજન્સી નંબર) પર કોલ કરનાર બ્રેસલરે જણાવ્યું કે, ગાડી પલટી જાય તે પહેલાં એક પ્રત્યક્ષદર્શીએ બેકાબૂ બનેલા ઘોડાની ઝડપ ધીમી કરી દીધી હતી. રોમાંચનું માથું જમીન પર અથડાયું હતું અને તે બેભાન થઈ ગયો હતો. પરિવારના બાકીના સભ્યો - પિતા, માતા અને રોમાંચનો નાનો ભાઈ - સામાન્ય ઈજાઓ સાથે બચી ગયા હતા, જોકે તેમની ગાડી અન્ય એક ઘોડાગાડી સાથે અથડાઈને પલટી ગઈ હતી અને તેના ટુકડે-ટુકડા થઈ ગયા હતા.

### સેન્ટ્રલ પાર્કમાં ઘોડાગાડી અકસ્માતની ૨૦૨૫થી આઠ ઘટનાઓ

**પ્રતિબંધ મૂકવા ઉઠેલી માગ**

આ અકસ્માતને પગલે પાર્કમાંથી ઘોડાગાડીઓ પર પ્રતિબંધ મૂકવાની માગ ફરી એકવાર વેગ પકડી રહી છે. મેનહટનમાં ૧૦૦ થી વધુ ઘોડાગાડીઓ છે. સિટી કાઉન્સિલના સભ્ય ક્રિસ્ટોફર માર્ટે, જેમણે આગામી વર્ષના અંત સુધીમાં ઘોડાગાડીઓ પર પ્રતિબંધ મૂકવાનું બિલ રજૂ કર્યું છે, તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “આપણે આને અન્ય એક સામાન્ય ઘટના તરીકે ગણી શકીએ નહીં. કાઉન્સિલે આ દુર્ઘટનાની ગંભીરતાને સમજીને તાત્કાલિક પગલાં લેવા જોઈએ. પાર્ક કન્ઝર્વેન્સીએ જણાવ્યું હતું કે મે ૨૦૨૫ થી પાર્કમાં અથવા તેની આસપાસ ઘોડા સંબંધિત આઠ ઘટનાઓ બની છે, જેમાં ગયા મહિને બનેલી એક ઘટનાનો પણ સમાવેશ થાય છે જ્યાં એક ઘોડો બીજી ગાડી સાથે અથડાયો હતો અને તે પલટી ગઈ હતી.

### ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદમાં બેંક લોકરમાંથી કરોડોનું સોનું ગાયબ

ફિરોઝાબાદ (UP), તા. 18 (PTI) ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદ જિલ્લામાં બેંક ઓફ ઈન્ડિયાની શાખાના લોકરમાંથી લોન સામે ગ્રાહકો દ્વારા ગીરવે રાખવામાં આવેલું સોનું કથિત રીતે ગાયબ થઈ ગયું હોવાનું પોલીસે ગુરુવારે જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, બેંકની ભરોલ શાખાના લોકરમાંથી ગીરો રાખેલા સોનાના કુલ 96 પેકેટ ગાયબ જોવા મળ્યા હતા. બેંકની આગ્રા પ્રાદેશિક કચેરીના ચીફ મેનેજર આદિત્ય પ્રતાપ સિંહે બુધવારે રાત્રે અરાંવ પોલીસ સ્ટેશનમાં તત્કાલીન બ્રાન્ચ મેનેજર સહિત ત્રણ કર્મચારીઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધાવી હતી. પોલીસ અધિક્ષક (એસપી) આદિત્ય લાંગેએ જણાવ્યું હતું કે, ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, બેંક સ્ટાફ મેમ્બર અને કી કસ્ટોડિયન દિલીપ કુમાર, જે ઈટાવા જિલ્લાના બાસગાંવ ગામનો રહેવાસી છે, તે 27 મેથી કોઈ પણ માહિતી આપ્યા વિના ગેરહાજર હતો, જેના કારણે લોકર સંબંધિત કામગીરી અટકી ગઈ હતી.




